એએપીએ ભ્રષ્ટ નેતાઓની યાદી તૈયાર કરી

નવી દિલ્હી,તા.૩૧

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ખૂબ શાનદાર દેખાવ છતાં લોકસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનો દેખાવ બિલકુલ મર્યાદિત રહેશે તેવા ઓપિનિયન પોલના અભિપ્રાયને ધ્યાનમાં લઈને પાર્ટીએ હવે કુલ ૫૪૩ બેઠકો પૈકી ૩૫૦થી વધુ બેઠકો ઉપર ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. આમ આદમી પાર્ટીએ ભ્રષ્ટાચાર અને રાજકારણના અપરાધીકરણને મુખ્ય મુદ્દા બનાવવાનો નિર્ણય લીધો છે. મુખ્ય રીતે ૧૬૨ એવી બેઠકો ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યું છે જ્યાં વર્તમાન સાંસદો ગુનેગારી અથવા તો ભ્રષ્ટાચારના આક્ષેપોનો સામનો કરી રહ્યા છે.આમ આદમી પાર્ટીના વરિષ્ઠનેતા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે. આજે કેજરીવાલે કહ્યુ હતુ કે તમામ પાર્ટીઓના ભ્રષ્ટ નેતાઓની સામે

આમ આદમી પાર્ટી મજબુત ઉમેદવાર મેદાનમાં ઉતારશે. કેજરીવાલે પાર્ટીની રાષ્ટ્રીય પરિષદમાં કેટલાક નેતાઓના નામનો ઉલ્લેખ કર્યો હતો. સાથે સાથે કેજરીવાલ આ યાદી તૈયાર કરવામાં આમ આદમી પાર્ટીના હોદ્દેદારો અને અન્ય લોકોની મદદ માંગી હતી. કેજરીવાલે કહ્યુ હતુ કે આને ૨૦૧૪ની ચૂંટણીને ક્રાંતિમાં ફેરવી નાંખીશું. કેજરીવાલે જે ભ્રષ્ટ નેતાઓની યાદી બનાવી છે તેમાં રાહુલ ગાંધીના નામનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કેજરીવાલે કહ્યુ હતુ કે નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીની ઈમેજ ચમકાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે. જો આવા નેતા ચૂંટાઈને આવશે તો દેશના હિતમાં રહેશે નહીં. ઈમેજ ચમકાવવા માટે ૫૦૦ કરોડથી વધુનો ખર્ચ થઈ રહ્યો છે. કેજરીવાલે રાહુલ ગાંધીને ભ્રષ્ટ તરીકે ગણાવીને કહ્યુ હતુ કે તેમની સામે ઉમેદવાર મેદાનમાં ઉતારવામાં આવશે. એએપી દ્વારા ભ્રષ્ટાચારને મુખ્યમુદ્દો બનાવવામાં આવે તેવી શક્યતા છે. આમા કેટલાક કેન્દ્રીય પ્રધાનોનો પણ સમાવેશ થાય છે જેમાં ચિદમ્બરમ્, સુશીલકુમાર શિંદે, કપીલ સિબ્બલ, પ્રફુલ્લ પટેલ,કમલનાથ, ફારુખ અબ્દુલા, સલમાન ખુરશીદ, મુલાયમસિંહ યાદવ, શ્રીપ્રકાશ જયસ્વાલ, જગન મોહન રેડ્ડી, અનુરાગ ઠાકુર, પવન બંસલ, માયાવતી, કાનીમોઝી, વિરપ્પા મોઈલી, સુરેશ કલમાડીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આમ આદમી પાર્ટી ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ રાજાને પણ ટાર્ગેટ બનાવવાની યોજના ધરાવે છે.

રાજાને ટુજી સ્પેક્ટ્રમ કૌભાંડ સપાટી ઉપર આવ્યા બાદ રાજીનામું આપી દેવાની ફરજ પડી હતી આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીની બેઠક મળી હતી જેમાં જુદા જુદા વિષયો ઉફર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પક્ષના પ્રવક્તા સંજય સિંહે કહ્યું છે કે અમે રાજકારણ માટે ગુનેગારો અને ભ્રષ્ટાચાર બંને દૂર કરવા માગીએ છીએ જેથી અમે આવી ૧૬૨ બેઠકો ઉપર મુખ્ય રીતે ધ્યાન કેન્દ્રીત કરશું. આમ આદમી પાર્ટીને લઈને ઓપીનીયન પોલમાં કોઈ સારા તારણ આપી રહ્યા નથી. હાલમાં જારી કરાયેલા ઓપીનીયન પોલમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે આમ આદમી પાર્ટીને કોઈ મોટી સફળતા મળનાર નથી. રોયલ બેંક ઓફ સ્કોર્ટલેન્ડના પૂર્વ સીઈઓ મીરા સાનિયાલ અને મયંક ગાંધી પણ સંભવિત ઉમેદવારોની યાદીમાં દેખાઈ રહ્યા છે. જો કે આમ આદમી પાર્ટીને હવે કોઈ સારો પ્રતિસાદ મળી રહ્યો નથી.

કેજરીવાલની યાદીમાં કોણ કોણ

૧. રાહુલ ગાંધી (કોંગ્રેસના ઉપપ્રમુખ)
૨. માયાવતી (બસપ નેતા)
૩. મુલાયમસિંહ યાદવ (સપા નેતા)
૪. પ્રકાશ જયસ્વાલ (કોંગ્રેસી નેતા)
૫. પવનકુમાર બંસલ (કોંગ્રેસના પૂર્વપ્રધાન)
૬. વીરપ્પા મોઈલી (કેન્દ્રિય પ્રધાન)
૭. નીતિન ગડકરી(ભાજપના વરિષ્ઠનેતા)
૮. અનંતકુમાર (ભાજપના વરિષ્ઠ નેતા)
૯. શરદ પવાર (એનસીપીના નેતા)
૧૦. પી. ચિદમ્બરમ્ (નાણાં પ્રધાન)
૧૧. સુશીલકુમાર શિંદે (ગૃહ પ્રધાન)
૧૨. કપીલ સિબ્બત (કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ પ્રધાન)
૧૩. પ્રફુલ્લ પટેલ (ભારે ઉદ્યોગ પ્રધાન)
૧૪. કમલનાથ (સંસદીય બાબતોના પ્રધાન)
૧૫. ફારુક અબ્દુલા (રિન્યુબલ એનર્જી)
૧૬. સલમાન ખુરશીદ (વિદેશ પ્રધાન)
૧૭. એ રાજા (પૂર્વ ટેલિકોમ પ્રધાન)

ભુલ્લરની ફાંસી પર અંતે સુપ્રીમ કોર્ટે સ્ટે મૂકી દીધો

નવી દિલ્હી,તા.૩૧

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે ખાલીસ્તાનના આતંકવાદી દેવીન્દર પાલસિંહ ભુલ્લરની ફાંસી ઉપર આખરે સ્ટે મૂકી દીધો છે. કોર્ટે તેની મૃત્યુદંડની સજાને આજીવન કારાવાસમાં ફેરવી કાઢવાની ભુલ્લરની ફગાવી દેવામાં આવેલી અરજી ઉપર હવે તેના ચુકાદાની સમીક્ષા કરવા સહમતી દર્શાવી છે. આના કારણે ભુલ્લરને કામચલાઉ ધોરણે રાહત મળી ગઈ છે. આ કેસમાં આગામી સુનાવણી ૧૯મી ફેબ્રુઆરીના દિવસે હાથ ધરવામાં આવશે. અગાઉ ૨૮મી જાન્યુઆરીના દિવસે સુપ્રીમ કોર્ટ સપ્ટેમ્બર ૧૯૯૩ના દિવસે તેને ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજાને આજીવન કારાવાસમાં ફેરવી કાઢવાની ભુલ્લરની અરજીની સુનાવણી ખુલ્લી કોર્ટમાં કરવાની તૈયારી દર્શાવી હતી. ભુલ્લરે મૃત્યુદંડની સજાને કારાવાસમાં ફેરવી નાંકવાની માંગણી કરી છે. ચીફ જસ્ટીસ પી. સથાશિવમ અને જસ્ટિસ આર એમ લોધા તથા એચએલ દત્તુ તેમજ એસજે મુકોપાધ્યાયની બનેલી બેંચે ભુલ્લરની પત્ની નવનીત કૌરની અરજી ઉપર સુનાવણી કરવાનો નિર્ણય કર્યો હતો. ભુલ્લરની પત્નીએ સુપ્રીમ કોર્ટના એવા ચુકાદા સામે ફરી ધ્યાન આપવા અપીલ કરી હતી જેમાં ભુલ્લરની સજાને આજીવન કારાવાસમાં ફેરવી નાંખવાની તેમની

અરજીને ફગાવી દેવામાં આવી હતી.

દયાની અરજી અંગે નિર્ણય લેવામાં અસામાન્ય વિલંબના લીધે તે આજીવન કારાવાસની સજા માટે હકદાર બને છે. ભુલ્લરને સપ્ટેમ્બર ૧૯૯૩માં નવી દિલ્હીના બોમ્બ બ્લાસ્ટ કરવા બદલ મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. આમા નવ લોકોના મોત થયા હતા અને તત્કાલીન યુવા કોંગ્રેસના પ્રમુખ એમ એસ બિટ્ટા સહિત ૨૫ લોકો ઘાયલ થયા હતા. સુપ્રીમ કોર્ટે ૨૬મી માર્ચ ૨૦૦૨ના દિવસે ઓગસ્ટ ૨૦૦૧માં ટ્રાયલ કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજા સામે ભુલ્લરની અપીલને ફગાવી દીધી હતી. ત્યારબાદ ૨૦૦૨માં દિલ્હી હાઈકોર્ટે પણ આ સજાને મંજૂર રાખી હતી. ભુલ્લરે ત્યારપછી સમીક્ષા અરજી દાખલ કરી હતી જેમાં ૧૭મી ડિસેમ્બર ૨૦૦૨ના દિવસે ફગાવી દેવામાં આવી હતી. ભુલ્લરે ત્યારપછી ક્યુરેટીવ અરજી દાખલ કરી હતી જેને ૧૨મી માર્ચ ૨૦૦૩ના દિવસે સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. ૧૪મી જાન્યુઆરી ૨૦૦૩ના દિવસે રાષ્ટ્રપતિ સમક્ષ ભુલ્લરે દયાની અરજી દાખલ કરી હતી. હજુ સુધી જંગી વિલંબ થઈ ચૂક્યો છે. સુપ્રીમ કોર્ટે હાલમાં જ કહ્યું હતું કે દયાની અરજી અંગે નિર્ણય લેવામાં વધુ વિલંબ થાય તો અપરાધીની મૃત્યુદંડની સજા આજીવન કારાવાસમાં બદલી નાંખવા માટે આધાર બને છે.

વર્તમાન જૂની પ્રક્રિયા યથાવત્ અમલી રહેશે

પાનકાર્ડ સાથે સંબંધિત નવા નિયમ હાલ લાગુ નહીં થાય

નવી દિલ્હી,તા.૩૧

પાનકાર્ડ માટે નવા નિયમો ઉપર હાલમાં રોક મૂકવાનો નિર્ણય ભારે વિવાદ બાદ કરવામાં આવ્યો છે. પાનના નવા નિયમોને હાલમાં જારી નહીં કરવાના નિર્ણય બાદ જૂની પ્રક્રિયા યથાવત્ રીતે અમલમાં રહેશે. નાણાં મંત્રાલયે આ અંગેનો ખુલાસો કરતા કહ્યું છે કે પાનકાર્ડ માટે વર્તમાન પ્રક્રિયા યથાવત્ રીતે અમલી રહેશે. પાનકાર્ડ માટે ઓરિજીનલ ડોક્યુમેન્ટના વેરિફિકેશન સાથે સંબંધિત ધારાધોરણોના અમલ ઉપર હાલ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. મંત્રાલયના જણાવ્યા મુજબ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટક ટેક્સ (સીબીડીટી)ના આગામી આદેશ સુધી પાન એલોર્ટમેન્ટ માટે પ્રક્રિયા

બદલવાના નિર્ણયને ટાળી દેવામાં આવ્યો છે. અલબત્ત મંત્રાલયના નવા ધારાધોરણોને સ્થગિત કરવા માટેના કોઈ કારણ આપવામાં આવ્યા નથી. હાલમાં પાનકાર્ડ મેળવવા માટે અરજીદારને જરૂરી દસ્તાવેજોની નકલ જમા કરાવવી પડે છે અને મૂળભૂત દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવતી નથી. નવા ધારાધોરણમાં મૂળભૂત દસ્તાવેજોની ચકાસણી કરવાની વાત કરવામાં આવી હતી. નવા ધારાધોરણને ટૂંકમાં રજૂ કરવાની હિલચાલ ચાલી રહી હતી પરંતુ આર્થિક નિષ્ણાંતો આની સામે પ્રશ્નો ઉઠાવી રહ્યા હતા. આખરે કેટલીક બાબતોને ધ્યાનમાં લઈને પાનકાર્ડ સાથે સંબંધિત નવા નિયમોને ત્રીજી ફેબ્રુઆરીથી અમલી નહીં બનાવાનો નિર્ણય કર્યો હતો. પાનકાર્ડ બનાવવાની બાબતને લઈને સામાન્ય લોકોમાં પણ ચર્ચા ચાલી રહી હતી. હાલમાં જ સરકારે કહ્યું હતું કે પાનકાર્ડ બનાવવાની બાબતને મુશ્કેલરૂપ બનાવવામાં આવશે. આના માટે નવા નિયમો ઉમેરવાની વાત કરવામાં આવી હતી. ત્રીજી ફેબ્રુઆરીથી નવા ધારાધોરણ અમલી બનાવવાનો નિર્ણય કરાયો હતો. પરંતુ આ નિર્ણયને હાલ ટાળી દેવામાં આવ્યો છે. ઘણા બધા દસ્તાવેજી પૂરાવાની માંગ નવા ધારાધોરણમાં કરાઈ હતી.

ડિસ્કોમના લાઈસન્સને રદ્દ કરવા કેજરીવાલની ધમકી

વિજકાપ ધમકીને ચલાવી લેવાશે નહીં : અન્ય કંપનીઓનો સંપર્ક કરાશે : દેશમાં માત્ર એક બે મર્યાદિત કંપની નથી

નવી દિલ્હી,તા. ૩૧

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે કહ્યુ હતુ કે તેમની સરકાર શહેરમાં સક્રિય ખાનગી વિજ

વિતરણ કંપની ડિસ્કોમના લાઈસન્સને રદ્દ કરી શકે છે. જો આ કંપની વિજળી કાપની ધમકી સાથે સરકારને બ્લેકમેઈલીંગ કરવાનું બંધ નહીં કરે તો તેના લાઈસન્સને રદ્દ કરી દેવામાં આવશે. કેજરીવાલે કહ્યુ હતુ કે ઘણી બધી ફરિયાદો મળી રહી છે.

જટિલ નાણાંકીય સ્થિતિના કારણે શનિવારના દિવસથી ૮-૧૦ કલાક માટે વિજ પૂરવઠો કાપવાની ફરજ પડી શકે છે તેવી બીએસઈએસ યમુના દ્વારા કરવામાં આવેલા દાવા અંગે પ્રતિક્રિયા આપતા કેજરીવાલે આ મુજબની વાત કરી હતી. બીવાયપીએલના મુખ્યકારોબારી અધિકારી અરવિંદ ગુજરાલે ૨૫મી જાન્યુઆરીના દિવસે દિલ્હી સરકારને પત્ર લખીને વિજળી ઉત્પાદન કંપનીઓની રજુઆત કરવા અપીલ કરી હતી જેમાં એનટીપીસી અને એનએચપીસીને સમજાવવા કહેવામાં આવ્યુ હતુ. જો એરિયર્સની ચૂકવણી કરવામાં નહીં આવે તો ડિસ્કોમના પૂરવઠાને નહીં કાપવા કહેવામાં આવ્યુ હતુ. જો કે પરિસ્થિતિ વધુ વણસી શકે છે. કેજરીવાલનું કહેવું છે કે સરકાર શાંતિથી બેસશે નહીં. તેમના લાઈસન્સને રદ્દ કરવામાં કોઈ ખચકાટ અનુભવ કરશે નહીં. અમે અન્ય કંપનીઓને આમંત્રણ આપીશું. દેશમાં માત્ર બેજ કંપનીઓ નથી. તેમણે ઉમેર્યુ હતુ કે ડિસ્કોમ દ્વારા સરકારને બ્લેકમેઈલીંગ કરવાનું કામ કરવામાં આવી રહ્યુ છે. લોકોમાં બિનજરૂરી દહેશત ફેલાવવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યુ હતુ કે ડિસ્કોમ દ્વારા કેગના ઓડિટમાં પણ સહકારની તૈયારી દર્શાવવામાં આવી નથી. તેમના ખાતાઓ શંકાસ્પદ દેખાઈ રહ્યા છે.

સેન્સેક્સ ૧૬ પોઈન્ટની રિકવરી સાથે બંધ રહ્યો

મુંબઈ,તા. ૩૧

શેરબજારમાં છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી મંદી પર બ્રેક મૂકાઈ હતી અને આજે સેન્સેક્સ ૧૬ પોઈન્ટ ઉછળીને ૨૦૫૧૨ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૬ પોઈન્ટ સુધરીને ૬૦૯૦ની સપાટીએ રહ્યો હતો. માસિકરીતે બોન્ડ ખરીદી કાર્યક્રમના અમેરિકી ફેડરલ રિઝર્વના નિર્ણયને લઈને બજારમાં હાલ ભારે અફડાતફડી રહી હતી. આજે આઈસીઆઈસીઆઈ બેંકમાં ૧.૪ ટકાનો ઉછાળો રહ્યો હતો. ટીસીએસમાં ૦.૮ ટકા, ભારતી એરટેલમાં ૨.૩ ટકા, એમએન્ડએમમાં ૨.૪ ટકા, રિલાયન્સમાં ૦.૬ ટકાનો સુધારો રહ્યો હતો. એચડીએફસીમાં ૨.૫ ટકાનો ઘટાડો થયો હતો. તાતા મોટર્સમાં ૩.૧ ટકાનો ઘટાડો થયો હતો. અન્ય શેરોમાં પણ ઘટાડો થયો હતો જેમાં સનફાર્મા અને ઈન્ફોસિસનો સમાવેશ થાય છે. વૈશ્વિક મોરચે એશિયન બજારમાં આજે કડાકો બોલી ગયો હતો. હોંગકોંગ અને સિંગાપોર સહિત કેટલાક દેશોમાં લુનાર ન્યૂયરની રજા કરી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ગુરુવારના દિવસે ૪૩૦.૨૦ કરોડની કિંતના શેર વેચી દીધા હતા. શેરબજારથી પ્રાપ્ત આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. રિયાલિટી, મેટલ, ઓઈલ એન્ડ ગેસના શેરમાં જોરદાર ડિમાન્ડ રહી હતી. બીએસઈ રિયાલિટી, મેટલ, ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં પણ ઉથલપાથલની સ્થિતિ રહી હતી. જો કે આ તમામમાં ૧.૨-૧.૬ ટકાનો ઉછાળો રહ્યો હતો. અન્ય સેક્ટરલ ઈન્ડેક્સમાં બેંકેક્સ, પાવર અને કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સમાં ૦.૭ ટકાનો સુધારો થયો હતો. ઓટો ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો. એપ્રિલ-ડિસેમ્બરના ગાળા દરમિયાન ફિસ્કલ ડેફિસિટનો આંકડો ૫.૧૬ ટ્રિલિયન રૂપિયા સુધી પહોંચી ગયો છે. આજે ઘણા શેરોમાં સારી સ્થિતિ રહી હતી. શેર બજારમાં આજે છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલી મંદી પર બ્રેક મુકાઈ હતી. છેલ્લા પાંચ સેશનમાં ૮૭૫ પોઈન્ટ ગુમાવી દેનાર સેન્સેક્સમાં ૫૪.૬૫ પોઈન્ટનો ફરીવાર સુધારો જોવા મળ્યો હતો. અમેરિકી બજારમાં ગઈકાલે રાત્રે કારોબારમાં તેજી જામી હતી. ડાઉજોન્સ ઈન્ડસ્ટ્રીય એવરેજમાં ૦.૭૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

ન્યૂઝીલેન્ડે શ્રેણી ૪-૦થી જીતી લીધી

અંતિમ વનડેમાં પણ ભારતની ન્યૂઝીલેન્ડની સામે કારમી હાર

વેલિંગ્ટન,તા. ૩૧

વેલિંગ્ટન ખાતે રમાયેલી પાંચમી અને અંતિમ વનડે મેચમાં ન્યૂઝીલેન્ડે આજે ભારત પર ૮૭ રને જીત મેળવીને શ્રેણી ૪-૦થી જીતી લીધી હતી. એક મેચ ટાઈમાં પરિણમી હતી.

આ સમગ્ર શ્રેણીમાં ભારત કોઈ પણ મેચ જીતી શક્યુ નથી. ભારતની પ્રતિષ્ઠાને આ શ્રેણીમાં મોટો ફટકો પડ્યો છે. પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે નિર્ધારિત ૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૩૦૩ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ માત્ર ૪૯.૪ ઓવરમાં ૨૧૬ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી વિરાટ કોહલીએ સૌથી વધુ ૮૨ રન બનાવ્યા હતા. ભારતના ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્મા અને શિખર ધવન ફરી એકવાર ફ્લોપ રહ્યા હતા. શિખર ધવન નવ રન બનાવી તથા રોહિત શર્મા ચાર રન બનાવી આઉટ થયો હતો. જ્યારે રહાણે પણ બે રન કરી આઉટ થયો હતો. નિયમિત ગાળામાં ભારતે એક પછી એક વિકેટો ગુમાવી હતી જેથી

ટીમ ઈન્ડિયા માત્ર ૨૧૬ રન કરીને આઉટ થઈ હતી.

ન્યૂઝીલેન્ડ તરફથી હેનરીએ ૩૮ રન આપી ચાર વિકેટ ઝડપી હતી. જ્યારે વિલિયમસને ૧૯ રન આપી બે વિકેટ ઝડપી હતી. મેન ઓફ ધ મેચ તરીકે ફરી એકવાર ટેલરની પસંદગી કરવામાં આવી હતી. ટેલરે સૌથી વધુ ૧૦૨ રન કર્યા હતા. ટેલરે ૧૦૬ બોલમાં ૧૦ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી આ રન બનાવ્યા હતા. ટેલરની આ સતત બીજી સદી હતી. આ અગાઉની વનડે મેચમાં પણ ટેલરે શાનદાર સદી ફટકારી હતી અને પોતાની ટીમને મજબુત સ્થિતિમાં મૂકવામાં ભૂમિકા ભજવી હતી. વિલિયમસને ૮૮ રન કર્યા હતા જેમાં આઠ ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે. વિલિયમસન સતત સારા ફોર્મમાં ચાલી રહ્યો છે. વિલિયમસનની પાંચ મેચોમાં આ પાંચમી અડધી સદી હતી. મેન ઓફ ધી સીરીઝ મેચ તરીકે ટેલરની પસંદગી કરાઈ હતી. અગાઉ આજે ભારતીય કેપ્ટન ધોનીએ ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોએ શરૂઆતથી જ આક્રમક બેટીંગ કરી હતી અને ભારતને કોઈ પણ તક આપી ન હતી. પ્રથમ બે વિકેટ ૪૧ રને પડી ગયા બાદ વિલિયમસન અને ટેલરની જોડી જામી ગઈ હતી.

અરૂણાચલના વિદ્યાર્થીને માર મારીને મારી નંખાયો

નવી દિલ્હી,તા. ૩૧

અરૂણાચલ પ્રદેશના કોલેજના એક વિદ્યાર્થીને દક્ષિણ દિલ્હીમાં લાજપતનગરમાં માર મારીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે અરૂણાચલ પ્રદેશનો આ વિદ્યાર્થી નિડોતાનીયામ પોતાના મિત્રોની સાથે લાજપતનગર બજારમાં બુધવારે ગયો હતો. તાનીયામ પ્રથમ વર્ષનો વિદ્યાર્થી હતો અને તે બુધવારના દિવસે પોતાના ત્રણ મિત્રોની સાથે લાજપતનગર બજારમાં ગયો હતો. તે કોઈ સરનામાને શોધી રહ્યો હતો ત્યારે મીઠાઈની એક દુકાન પાસે કોઈ વ્યક્તિએ તેની મજાક

કરી હતી. પોલીસ સૂત્રોએ કહ્યુ છે કે ત્યારબાદ બોલાચાલી થઈ હતી જેમાં તાનીયામે દુકાનમાં એક ગ્લાસ તોડી નાંખ્યો હતો ત્યારબાદ ટૂંકમાં જ સાતથી આઠ સ્થાનિક લોકો ત્યાં આવી પહોંચ્યા હતા અને તેને લાકડી અને અન્ય સાધનો સાથે માર માર્યો હતો. પોલીસે કહ્યુ છે કે માહિતી મળ્યા બાદ તે ઘટનાસ્થળે પહોંચી હતી અને આ વિદ્યાર્થી અને તેના મિત્રોને ત્યાંથી લઈ ગઈ હતી પરંતુ થોડાક સમય બાદ તેમને ફરી છોડી દીધા હતા જો કે પોલીસે તેમને પરત ત્યાં છોડી દીધા બાદ સાતથી આઠ લોકોએ ફરી તાનીયામ પર હુમલો કર્યો હતો જેમાં તેનું મોત થયુ હતુ. તેવું જાણવા મળ્યુ છે કે તેની હેરસ્ટાઈલના કારણે તેને માર મારવામાં આવ્યો હતો. દરમિયાન ભોગ બનેલા લોકોએ દાવો કર્યો છે કે તાનીયામને માર મારનાર લોકોની સામે ફરિયાદ કરવામાં આવશે. આ સંદર્ભમાં વધારે માહિતી હજુ સુધી મળી શકી નથી. દિલ્હીમાં બનેલા વંશીય હુમલાને લઈને સરકાર પણ હચમચી ઉઠી છે. વંશીય ટિપ્પણી કરવામાં આવ્યા બાદ મામલો બિચક્યો હતો. પોલીસે પોતાની રીતે તપાસ હાથ ધરી છે. આ હુમલાને લઈને જોરદાર વિરોધ પ્રદર્શનની શક્યતા દેખાઈ રહી છે.

ઉત્તરાખંડ મુખ્યપ્રધાન બહુગુણાનું રાજીનામું

ઉત્તરાખંડના મુખ્યમંત્રી વિજય બહુગુણાએ રાજીનામું આપી દેવાનો નિર્ણય કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ બહુગુણાએ તેમનું રાજીનામું મોકલી પણ દીધું છે. નવા મુખ્યમંત્રી તરીકે હરીશ રાવતની નિમણૂંક કરવામાં આવે તેમ પણ માનવામાં આવે છે. બહુગુણાએ પોતાનું રાજીનામું કાર્યકારી પ્રદેશ અધ્યક્ષ યશપાલ આરિયાને મોકલી દીધું છે. હવે કોંગ્રેસ વિધિવત રીતે આની જાહેરાત કરશે. મુખ્યમંત્રીના નામ ઉપર સહમતી થઈ નથી પરંતુ આવતીકાલે ૧લી ફેબ્રુઆરીના દિવસે નવા મુખ્યમંત્રીને શપથ લેવડાવવામાં આવે તેવી શક્યતા છે. હરીશ રાવતનું નામ સૌથી આગળ દેખાઈ રહ્યું છે. સતપાલ મહારાજ પણ સ્પર્ધામાં છે. સતપાલ મહારાજના સમર્થકો પણ તેમની સાથે હોવાની વાત જાણવા મળી રહી છે.

સમાચાર ઝલક

- *ભુલ્લરની ફાંસી પર સુપ્રીમનો સ્ટે.*
- *મુંબઈના પોલિસ કમિશનરશ્રી સત્યપાલસિંહ સ્વૈચ્છિક નિવૃત્તિ લેશે, લોકસભાની ચૂંટણીમાં ઝંપલાવશે.*
- *મોડાસા સીટી સર્વેયર કચેરીમાં સર્વેયર લાંચ લેતા પકડાયા.*
- *રાજકોટમાં જેલરને મારી નાંખવાની ધમકી આપતા કેદીઓ.*
- *સાલ હોસ્પિટલમાં બીજા દિવસે હડતાળ ચાલુ રહી.*
- *લોકસભાની ચૂંટણી માટે તંત્રમાં ધમધમાટ, નાયબ ચૂંટણી કમિશનરશ્રી ગુત્સી ગુજરાત મુલાકાતે.*
- *જુનાગઢમાં કાર્યપાલક ઈજનેરને સરપંચે ઢસડીને માર માર્યો.*
- *બિહારમાં ઈંદિરા આવાસ યોજનામાં ગેરરીતિ બદલ ૧૮૦ સામે કાર્યવાહી શરૂ થઈ.*
- *મહેસાણા ડેરીમાં ૨૨ કરોડના કૌભાંડમાં વિપુલ ચૌધરીની ધરપકડ નહી કરવાની અરજી હાઈકોર્ટે કાઢી નાંખી.*
- *દિલ્હીમાં વીજળી જવાથી ૬૦ લાખ લોકોને અસર થઈ : વીજળી કાપ નહિ થાય-દિલ્હી સરકાર.*
- *લોકસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી ૩૦૦ બેઠકો પર ઝુકાવશે.*
- *બેંગ્લોરના બીગ બજારમાં ભીષણ આગ લાગી.*
- *'વન બાય ટુ' આજે રીલિઝ થઈ.*
- *જમ્મુ કાશ્મીરમાં રાજકીય રંગ પકડાયો.*
- *અમર અબ્દુલ્લા મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપશે.*
- *મધ્યપ્રદેશમાં તબીબો હડતાલ પર જતાં આરોગ્ય સેવાને ગંભીર અસર પડી.*
- *વ્યારામાં લાડી ચાર્જ નિમિત્તે બંધ પળાયો-કેન્દ્રીય મંત્રી શ્રી તુષાર ચૌધરીના ત્રીજા દિવસે ઉપવાસ ચાલુ.*